# BUSINESS મિત્ર

# ભારતીય શેરબજારમાં નવા કેલેન્ડર વર્ષની શરૂઆત તેજી સાથે થશે!

**ક્રિસમસના તહેવારની બજાર પર અસર, સેન્સેક્સ-નિફ્ટી સપાટ રહ્યા: મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ખરાબ પ્રદર્શન જોવાયું**

**વાણિજ્ય પ્રતિનિધિ તરફથી**

**અમદાવાદ, તા. 28:** ભારતીય શેરબજારમાં વિતેલા સપ્તાહમાં ક્રિસમસના તહેવારોની અસર જોવા મળી હતી અને કામકાજ પણ નિરસ રહેતા જોવા મળ્યા હતા. ક્રિસમસના તહેવારોના પંદર દિવસ સુધી એફઆઈઆઈની કામગીરી પણ નિરસ થતી જોવા મળતી હોય છે. બીજી તરફ, રૂપિયો દિન પ્રતિદિન નીચે સરકતો જાય છે અને 86ની તરફ આગેકૂચ કરતો જોવા મળી રહ્યો હોવાથી શેરબજારમાં દબાણ વધતું જોવા મળી રહ્યું છે, આમ છતાં વિતેલા સપ્તાહમાં ભારતીય શેરબજારમાં હેવીવેઈટ શેરોમાં ધીમી લેવાલીએ સેન્સેક્સ તથા નિફ્ટીમાં નજીવો સુધારો જોવાયો હતો, જ્યારે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ધોવાણ ચાલુ રહ્યું હતું, જેઓનું ખરાબ પ્રદર્શન જોવા મળ્યું હતું.

આગામી સપ્તાહની વાત કરીએ તો શેરબજારમાં સુસ્તીનો માહોલ ચાલુ જ રહે તેવી સંભાવના છે. કોઈ સારા સંકેત નહીં મળે ત્યાં સુધી બજાર નાની-મોટી વધઘટ સાથે અથડાતું જોવા મળી શકે છે. નબળા રૂપિયાના લીધે ફાર્મા અને આઈટી સેકટરને લાભ થઈ શકે છે. જેમાં પોઝિટિવ અસર રહેશે. આ સિવાયના નિકાસ સિવાયની કંપનીઓના શેરોમાં દબાણ રહી શકે છે. ખાસ કરીને ઓઈલ અને ગેસ સેકટરની કંપનીઓને નબળા રૂપિયાથી નુકશાન થઈ શકે છે અને તેના લીધે આ સેકટરના શેરો દબાણમાં રહી શકે છે.

વિતેલા સપ્તાહમાં સેન્સેક્સ 657.48 પોઈન્ટ એટલે કે 0.84 ટકા વધીને 78699.07 પોઈન્ટ અને નિફ્ટી 225.90 પોઈન્ટ એટલે કે 0.95 ટકા વધીને 23813.40 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. સેકટરવાઈઝ જોઈએ તો નિફ્ટી ઓટો અને ફાર્મા ઈન્ડેક્સમાં 2 ટકા જેટલો સુધારો જોવાયો હતો. ત્યારબાદ નિફ્ટી એફએમસીજીમાં દોઢ ટકાનો વધારો જોવા મળ્યો હતો, જ્યારે બેન્ક નિફ્ટી અને રિયલ્ટી ઈન્ડેક્સ એક ટકા જેટલા સુધર્યા હતા. બીજી તરફ, નિફ્ટી મીડિયા ઈન્ડેક્સમાં બે ટકા અને નિફ્ટી મેટલ ઈન્ડેકસ એક ટકા જેટલા ઘટયા હતા.

અંદાજ મુજબ દર વખતની જેમ આ વર્ષના અંતિમ ચરણમાં એફઆઈઆઈની વેચવાલી વધી ગઈ હતી. રૂ. 6322.88 કરોડના શેરો વેચ્યા હતા, જ્યારે ડીઆઈઆઈએ રૂ. 10927.73 કરોડના શેરો ખરીદ્યા હતા.

## વિતેલા સપ્તાહમાં સોના-ચાંદીના ભાવોમાં સુધારો આગળ વધ્યો

**સપ્તાહ** દરમ્યાન સોનાની કિંમતમાં ૧૦૫૯ રૂ.નો અને ચાંદીના ભાવમાં રૂ. ૨૭૦૦ જેટલો વધારો

**ડોલર** સામે રૂપિયો નબળો પડી રહ્યો છે ત્યારે આગામી દિવસોમાં આ તેજી ચાલુ રહેવાની શક્યતા

નવી દિલ્હી, તા. 28: ચાલુ સપ્તાહે સોના-ચાંદીના ભાવમાં વધારો આગળ વધતો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (આઈબીજેએ)ની વેબસાઈટ અનુસાર, સોનું 20 ડિસેમ્બર, શનિવારે 75377 રૂપિયા હતું, જે હવે 28 ડિસેમ્બરે 76,436 રૂપિયા પ્રતિ 10 ગ્રામ પર પહોંચી ગયું છે. એટલે કે આ અઠવાડિયે તેની કિંમતમાં 1059 રૂપિયાનો વધારો થયો છે.

ચાંદીનો ભાવ 85133 રૂપિયા પ્રતિ કિલો વધીને 87831 રૂપિયા પ્રતિ કિલો પર આવી ગયો, જે બુધવારે 85637 રૂપિયા પ્રતિ કિલો હતો. આ રીતે આ અઠવાડિયે તેની કિંમતમાં 2698 રૂપિયાનો વધારો થયો છે.

## યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ) — નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન** | **રૂા.** | ૭૫/૩૬ '' | ૧૨૧ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૯૧ | ૫૦/૩૬ '' | ૧૨૯ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૩૦૨ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૭૧ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૨૯ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૯ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૪ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૫ |
| ૬૮/૩૬ | ૧૩૪ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૪૦ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૩૨ | ૧૦૦ ટેક્ષ | ૧૨૩ | ૬૮ ક્રિમ્પ | ૧૩૫ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૩૩ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૭ | ૮૦/૭૨ રોટો | ૧૨૯ | ૭૫ ક્રિમ્પ | ૧૩૨ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૦ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૧.૫ | ૮૦ ક્રિમ્પ | ૧૨૩ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૭ | ૧૬૦ ડીસ્કેટ | ૧૪૧.૫ | ૮૦/૭૨ રોટો | ૧૨૭.૫ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૮ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૨૧ | ૮૦/૧૦૮ '' | ૧૨૯ | ૩૦/૩૬ એફડી | --- |

## રિવર્સ ચાર્જ પરનો વેરો પછીના પત્રકમાં ચૂકવાતા વેરાનું બમણું ભારણ થતા વધુ ભરેલ વેરાનું રિફન્ડ ચૂકવવા ફરમાવતો નામદાર ગુજરાત હાઇકોર્ટનો અગત્યનો ચૂકાદો

**કાયદાની કેડીએ...**

**ઈશ્વર રૂદલાલ**

જીએસટી કાયદા હેઠળ... નોંધાયેલ વ્યકિત કપાસની ખેડૂતો પાસેની ખરીદી પર તા. 28.6.17ના નોટિફીકેશનની એન્ટ્રી 4એ હેઠળ ખેડૂતોની ખરીદી પર રિવર્સ ચાર્જ પર વેરો ભરવા જવાબદાર છે. પરંતુ... આવી રીતે રિવર્સ ચાર્જ પર વેરો ચૂકવી વેચાણ પરના વેરામાંથી ટેક્ષ ક્રેડિટ બાદ કરી જાન્યુઆરી 2023ના પત્રકમાં જવાબદારી રોકડેથી નિભાવવાને બદલે અરજદારે બધી જ જવાબદારી વેચાણ પરના વેરા તરીકે ચૂકવવાની સાથે પછીના માર્ચ 2023ના પત્રકમાં રિવર્સ ચાર્જ પર ખરીદીનો વેરો ચૂકવતા... વેરાનું બમણું ભારણ થતા... વધારાના ભરાયેલ વેરાનું રિફન્ડ ચૂકવવા ફરમાવતો ચૂકાદો ના. ગુજરાત હાઈકોર્ટે આપ્યો છે. ખેર! ના. ગુજરાત હાઈકોર્ટના ખોડિયાર ટ્રેડીંગ કું. વિ. યુનિયન ઓફ ઈન્ડિયા રી.એ.નં. 6 ઑફ 2024ના તા. 21.11.24ના ચૂકાદા તરફ એક નજર નાંખીએ તો...

**હકીકત**

અરજદાર માલિકી પેઢી છે અને જીએસટી કાયદા હેઠળ નોંધાયેલ છે. ધંધો કપાસના પુનઃ વેચાણનો છે અને કાયદા હેઠળ પત્રકો અને વેરો ભરે છે. અરજદારે જાન્યુઆરી, 2023ના મહિનામાં ખેડૂતો પાસેથી કપાસની ખરીદી કરીને નોંધાયેલ વેપારીને વેચેલ છે. અરજદારે જાન્યુઆરી 2023નું પત્રક ભરતી વખતે... કપાસની ખરીદી પરનો રિવર્સ ચાર્જ અને વેચાણ પરના તફાવતના વેરાની જવાબદારી સ્વીકારવાને બદલે કન્સલ્ટન્ટે ભૂલથી વેચાણ પરના તમામ વેરાની જવાબદારી સ્વીકારીને તેને રોકડેથી ચૂકવેલ. પરંતુ માર્ચ 2023માં અરજદારને જાન્યુઆરી 2023ના પત્રકમાં થયેલ ભૂલ ધ્યાને આવતા... માર્ચ 2023ના પત્રકમાં તે મહિનાના ભરવાપાત્ર વેરા ઉપરાંત... જાન્યુઆરી મહિનાની કપાસની ખરીદીની રિવર્સ ચાર્જની વધારાની જવાબદારી સ્વીકારીને... રૂા. 5308494 જેટલો વધારાનો વેરો ચૂકવવામાં આવ્યો. ત્યારબાદ... અરજદાર દ્વારા વધારાના ચૂકવાયેલ વેરાના રિફન્ડ માટે તા. 12.7.23ના રોજ અરજી કરવામાં આવી. પરંતુ ડેફીશીઅન્સી મેમો આપીને જણાવવામાં આવ્યું કે રિવર્સ ચાર્જ પર જાન્યુ. 2023માં ભરેલ વેરાને વધુ ભરેલ વેરા તરીકે ગણી શકાય નહીં. તો અરજદાર દ્વારા હેલ્પડેસ્કના નકારાત્મક અભિપ્રાય પછી ફરીથી એની અધર કેટેગરીમાં અરજી કરવામાં આવી. આમ છતાં રીફન્ડથી અરજી તા. 5.12.23ના નામંજૂર થતા તા. 5.12.23ના આદેશને ના. ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રીટ પીટીશન દ્વારા અરજદાર દ્વારા પડકારવામાં આવ્યો.

**રજૂઆત...**

અરજદાર તરફથી તા. 29.12.2017ના પરિપત્ર નં. 26/2017 પર આધાર રાખીને રજૂઆત કરવામાં આવી કે જ્યારે ફોર્મ જીએસટીઆર 3બીના પત્રકમાં વધુ ભરાયેલ રકમ સરભર ન કરી શકાય ત્યારે રિફન્ડ માંગી શકાય છે.

**ચૂકાદો...**

ના. હાઈકોર્ટે ચૂકાદો આપતા જણાવ્યું કે જાન્યુઆરી 2023 અને માર્ચ 2023ના ભરેલ ફોર્મ જીએસટીઆર-3બીના પત્રકોની ચકાસણી કરતા સ્પષ્ટ જણાય છે કે જાન્યુઆરી 2023ના પત્રકમાં આઉટપૂટ સપ્લાય પરનો વેરો પૂરેપૂરો રોકડેથી ભરવામાં આવેલ છે અને માર્ચ 2023ના પત્રકમાં જાન્યુ. 2023માં ખેડૂતો પાસેની કરેલ કપાસ પરનો રિવર્સ ચાર્જ પરનો વેરો રોકડમાં ભરતા રૂા. 5308494 રોકડેથી વધુ ભરવામાં આવેલ હતા. આથી કોર્ટે ઠરાવ્યું કે આવા રોકડેથી વધુ ભરાયેલ રૂા. 5308494નું રિફન્ડ પરિપત્ર નં. 26/2027 અનુસાર અરજદારને મળવાપાત્ર છે. તો....

રિફન્ડ નામંજૂર કરતા આદેશમાં રિફન્ડ નામંજૂર કરવા કોઈ કારણ આપેલ નથી અને તેથી રીટ સૂનાવણીમાં દાખલ કરવી જોઈએ નહીં. તેવી ખાતાની રજૂઆત સ્વીકારેલ નથી એમ જણાવી ના. હાઈકોર્ટે રીટ પીટીશન મંજૂર કરી આદેશ મળ્યાની તારીખથી 12 અઠવાડિયામાં રીફન્ડ ચૂકવવા ખાતાને ફરમાવ્યું.

# વિશ્વની મહાસત્તા ગણાતું જર્મની આર્થિક કટોકટીનો સામનો કરી રહ્યું છે

**ટુ ધ પોઈન્ટ — સમકિત શાહ**



દુનિયાના ઘણા દેશો મંદીની ઝપટમાં આવી ગયા છે, જેમાંથી આર્થિક મહાસત્તા ગણાતું જર્મની પણ બચ્યું નથી. યુરોપની સૌથી મોટી અર્થવ્યવસ્થા જર્મની આ દિવસોમાં આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. જર્મનીના ખાસ કરીને લિથિયમ જેવા કાચા માલ પર વધતા જતા અવલંબન અને નવા ઓર્ડરની અછતને કારણે જર્મનીની સ્થિતિ ૨૦૦૮ની મંદી પછી સૌથી ખરાબ બની છે. જર્મનીનું ચીન જેવા દેશ ઉપરનું અવલંબન ઓટોમોબાઈલ જેવા મુખ્ય ઉદ્યોગો માટે ખતરો છે. બીજી ગંભીર સ્થિતિ એ છે કે મ્યુનિક સ્થિત ઇફો ઇન્સ્ટિટ્યૂટનાં વિવિધ ક્ષેત્રોમાં ઓર્ડરમાં મોટો ઘટાડો નોંધાયો છે. Ifoના ડેટા અનુસાર, ઓક્ટોબરમાં ૪૧.૫ ટકા જર્મન કંપનીઓએ ઓર્ડરમાં ઘટાડો નોંધ્યો છે, જે જુલાઈમાં ૩૯.૪ ટકા હતો. આ આંકડો COVID-૧૯ રોગચાળા દરમિયાન કોઈ પણ સમય કરતાં વધારે છે અને ૨૦૦૮ ની નાણાંકીય કટોકટી પછી સૌથી ખરાબ છે.

ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાયા તેના એક દિવસ બાદ જર્મન ચાન્સેલરે ફ્રી ડેમોક્રેટિક પાર્ટીના વડા રહેલા નાણાં મંત્રી ક્રિશ્ચિયન લિન્ડનરને બરતરફ કરી દીધા હતા. જર્મનીની સોશ્યલ ડેમોક્રેટિક પાર્ટી, ફ્રી ડેમોક્રેટિક પાર્ટી અને ગ્રીન પાર્ટીના બનેલા ત્રણ પક્ષીય ગઠબંધને ૨૦૨૧માં જર્મનીમાં સરકારની રચના કરી હતી. તે યુરોપની સૌથી મોટી અર્થવ્યવસ્થામાં ૧૬ વર્ષની મર્કેલિયન રાજનીતિના મુખ્ય આધાર તરીકે આવી હતી. આ ગઠબંધન સમાપ્ત થયું તે પછી બનેલી શ્રેણીબદ્ધ ઘટનાઓ નાણાં પ્રધાન ક્રિશ્ચિયન લિન્ડનરને દૂર કરવા તરફ દોરી ગઈ હતી.

જર્મન ચાન્સેલર ઓલાફ સ્કોલ્ઝે જણાવ્યું હતું કે તેમણે ક્રિશ્ચિયન લિન્ડનરને બજેટ વિવાદ પર તેમના અવરોધક વર્તનને કારણે નાણાં પ્રધાન તરીકે બરતરફ કર્યા હતા. હાલમાં જર્મન અર્થવ્યવસ્થા સંકટમાંથી પસાર થઈ રહી છે. આ માટે ઓલાફ સ્કોલ્ઝે ટેક્સમાં વધારો કરવાની દરખાસ્ત કરી છે. પ્રોપર્ટી-બિઝનેસ ફ્રી ડેમોક્રેટ્સ પાર્ટી (FDP) ના નેતા લિન્ડનરે એ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. શાસક ગઠબંધનમાં ચાલી રહેલી આ ખેંચતાણ બાદ અટકળો શરૂ થઈ ગઈ છે કે વર્તમાન સરકાર ૧૧ મહિના પછી યોજાનારી ચૂંટણી સુધી અકબંધ રહેશે કે પછી પડી જશે.

જર્મનીના મુખ્ય ઉદ્યોગ સંગઠન ફેડરેશન ઓફ જર્મન ઇન્ડસ્ટ્રીઝ (BDI) એ ચેતવણી આપી છે કે જો ચીનમાંથી લિથિયમની આયાત બંધ થાય તો તેનાથી જર્મનીના અર્થતંત્રને લગભગ ૧૧૫ અબજ યુરોનું નુકસાન થઈ શકે છે, જે ઔદ્યોગિક ઉત્પાદનના લગભગ ૧૫ ટકા છે. જર્મનીમાં ૫૫ ટકા લિથિયમ ચીનમાંથી આયાત કરવામાં આવે છે, જે ૨૦૧૪માં માત્ર ૧૮ ટકા હતું. લિથિયમ ઇલેક્ટ્રિક વાહનોના ઉત્પાદનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે, જેના કારણે જર્મનીના મુખ્ય કાર ઉત્પાદકો ગંભીર નાણાંકીય સંકટનો સામનો કરી રહ્યા છે.

ફોર્બ્સ ઈન્ડિયા અનુસાર, જર્મનીનું ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) હાલમાં ૪.૪૩ ટ્રિલિયન ડોલર છે. જર્મનીની માથાદીઠ આવક ૫૨,૮૨૦ ડોલર આસપાસ છે. હાલમાં વાર્ષિક જીડીપી વૃદ્ધિદર માઇનસ ૦.૧% છે. જર્મનીનું અર્થતંત્ર નિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

જર્મની કામદારોની અછતનો સામનો કરી રહ્યું છે, જેની સીધી અસર દેશના અર્થતંત્ર પર પડશે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, જર્મન યુનિવર્સિટીઓ અને ઉદ્યોગ બંનેએ સરકારને વિનંતી કરી છે કે તેઓ દેશમાં અભ્યાસ કરવા માટે વિદેશી વિદ્યાર્થીઓને આકર્ષવા અને જાળવી રાખવાના પ્રયાસો કરે. તેમણે જર્મન સરકારને પ્રારંભિક પગલાં તરીકે વિઝા પ્રક્રિયા ઝડપી બનાવવા વિનંતી કરી છે. હાલમાં લાખો વિદ્યાર્થીઓ જર્મનીમાં અભ્યાસ કરી રહ્યા છે, જેમાં ભારતીયો પણ સામેલ છે. સરકારને આ વિનંતીઓ એવા સમયે કરવામાં આવી છે જ્યારે દેશમાં કામદારોની અછત છે, જેના કારણે વિદેશી વિદ્યાર્થીઓને નોકરી આપવામાં આવી રહી છે. જર્મન એકેડેમિક એક્સચેન્જ સર્વિસ (DAAD) અનુસાર ૨૦૨૪-૨૦૨૫ના વિન્ટર સેમેસ્ટર માટે જર્મનીમાં રેકોર્ડ ૪,૦૫,૦૦૦ વિદેશી વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો છે. મોટા ભાગનાં વિદ્યાર્થીઓ ભારત, ચીન, સીરિયા, ઓસ્ટ્રિયા અને તુર્કિયેના છે. લગભગ ૪૦ હજાર ભારતીય વિદ્યાર્થીઓ જર્મનીમાં અભ્યાસ કરી રહ્યાં છે. જર્મની તેની ઓછી ટ્યુશન ફીને કારણે ખૂબ લોકપ્રિય છે.

DAAD સર્વેક્ષણ મુજબ, લગભગ ૯૦ ટકા યુનિવર્સિટીઓમાં નવાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા સ્થિર રહેતી અથવા વધતી જોવા મળી છે. સર્વેક્ષણમાં સમાવિષ્ટ અડધાથી વધુ યુનિવર્સિટીઓએ વિદ્યાર્થીઓની સંખ્યામાં સામાન્ય વધારો નોંધાવ્યો છે, જ્યારે એક તૃતીયાંશ યુનિવર્સિટીઓએ તીવ્ર વધારો નોંધાવ્યો છે. વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા વધી રહી હોવા છતાં કેટલીક ચિંતાઓ સરકારને જણાવવામાં આવી છે. સર્વેમાં સામેલ ૮૩ ટકા યુનિવર્સિટીઓ વિઝા ફાળવણી પ્રક્રિયામાં મુશ્કેલીનો સામનો કરી રહી છે. એફોર્ડેબલ હાઉસિંગ આપવા અંગે ચિંતા કરતી યુનિવર્સિટીઓ ૭૫ ટકા છે અને અભ્યાસ અંગે ચિંતા કરતી યુનિવર્સિટીઓ ૬૯ ટકા છે.

વર્ષ ૨૦૨૨માં રશિયા અને યુક્રેનના યુદ્ધ બાદ જર્મનીની અર્થવ્યવસ્થા ખૂબ જ સંઘર્ષ કરી રહી છે, જેના કારણે મોંઘવારી પણ વધી છે. ઔદ્યોગિક મંદીના કારણે અર્થતંત્રમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. બુન્ડેસ બેંકે કહ્યું છે કે જર્મની હવે મંદીની પકડમાં છે. અર્થવ્યવસ્થા સતત નકારાત્મક બાજુ તરફ આગળ વધી રહી છે. તેની અસર સમગ્ર યુરોપ ક્ષેત્ર પર જોવા મળશે. જર્મનીમાં મોંઘવારીની સ્થિતિથી સામાન્ય લોકો પરેશાન છે. હકીકતમાં ઊર્જા પુરવઠા પર રશિયાની ચેતવણી પછી ફુગાવો વધી રહ્યો છે. ઘરગથ્થુ સામાનના વપરાશમાં ૧.૨ ટકાનો ઘટાડો થયો છે. જર્મનીની અર્થવ્યવસ્થા નિકાસ પર નિર્ભર છે, પરંતુ કોરોનાના સમયથી તેમાં ભારે ઘટાડો થયો છે. જર્મનીની બીજી સૌથી મોટી તાકાત તેનું ઉત્પાદન ક્ષેત્ર હતું. જર્મનીનું આ ક્ષેત્ર પણ ગંભીર પડકારોનો સામનો કરી રહ્યું છે, જેની અસર અર્થવ્યવસ્થા પર સ્પષ્ટ દેખાઈ રહી છે. બેંકોના મતે કાચા માલની અછત અને કામદારોની ઉપલબ્ધતા સમસ્યાઓમાં વધારો કરી રહી છે. જર્મન અર્થતંત્રમાં ૧૦૦ થી વધુ ક્ષેત્રો હતાં, જે રશિયાને મોટા પ્રમાણમાં માલસામાન અને સેવાઓ પૂરી પાડતા હતા. જર્મનીનો ગેસ પુરવઠો પણ મોટા ભાગે રશિયા પર નિર્ભર છે. રશિયા-યુક્રેન યુદ્ધે અહીં પણ તબાહી મચાવી છે.

કેટલાક આર્થિક પંડિતો કહે છે કે જર્મનીનું આર્થિક મોડલ અવિશ્વસનીય રીતે તૂટી ગયું છે. તેઓ દલીલ કરે છે કે અગાઉના દાયકાઓમાં જર્મનીની મજબૂત વૃદ્ધિ સસ્તા રશિયન ગેસની આયાત પર આધારિત હતી, જે જર્મનીના અત્યંત સ્પર્ધાત્મક નિકાસ ઉદ્યોગોને શક્તિ આપે છે. આ સસ્તો ગેસ હવે ઉપલબ્ધ ન હોવાથી, જર્મન મેન્યુફેક્ચરિંગ મોડલ હવે કામ કરતું નથી. રશિયન ગેસના બંધ થવાથી ફુગાવો અને જીવન ખર્ચના દબાણમાં પણ વધારો થયો હતો. જર્મનીનો વેપાર સરપ્લસ ગયા વર્ષે જીડીપીના ૪.૩ ટકા પર પહોંચ્યો હતો, જે પૂર્વ રોગચાળાના વર્ષોના અતિશય ઊંચા સરપ્લસ કરતાં પણ નીચો હતો પરંતુ છેલ્લા બે દાયકાની સરેરાશથી ઉપર હતો.

વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા ગણાતા અમેરિકા પર મંદીનાં ઘેરાં વાદળો છવાઈ રહ્યાં છે. વધતી બેરોજગારીને કારણે આ ચિંતાઓ વ્યાપક બની છે. યુરોપની સૌથી મોટી અર્થવ્યવસ્થા અને અમેરિકા અને ચીન પછી વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા ગણાતું જર્મની પણ મંદીને આરે છે. જર્મનીના અર્થતંત્રમાં બીજા ક્વાર્ટરમાં અણધાર્યો ઘટાડો જોવા મળ્યો છે. બીજી તરફ ચીનની અર્થવ્યવસ્થા ઘણા મોરચે સંઘર્ષ કરી રહી છે. જાપાનની અર્થવ્યવસ્થા પણ અનેક સંકટનો સામનો કરી રહી છે. હાલમાં ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. ભારતની ઉપર જાપાન, જર્મની, ચીન અને અમેરિકા છે. જાપાન અને જર્મનીની બગડતી સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારત ટૂંક સમયમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ જઈ રહ્યું છે.

**જો ચીનમાંથી લિથિયમની આયાત બંધ થાય તો તેનાથી જર્મનીના અર્થતંત્રને લગભગ ૧૧૫ અબજ યુરોનું નુકસાન થઈ શકે છે, જે ઔદ્યોગિક ઉત્પાદનના લગભગ ૧૫ ટકા છે**

## જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૨૦૦ |
| એમ-૩૦ | ૪૧૫૦ |
| એસ-૩૦ | ૪૦૫૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૦૫૦ |
| એસ-૩૦ | ૪૯૫૦ |

## સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૭૮૭૮૦ |
| તેજાબી સોનું | ૭૮૬૯૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૭૮૮૪૦ |
| દાગીના-બીએસઆઈ હોલમાર્ક | ૭૭૨૦૫ |
| સોનાનાં બિસ્કીટ | ૭૮૭૮૦૦ |
| ચાંદી (૯૯૯) | ૮૯૮૦૦ |
| ચાંદી સિક્કા | ૯૧૩૦૦ |

## તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૬૮૦ | કોપરેલ | ૪૨૫૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૪૮૦ | વનસ્પતિ ઘી | ૨૪૯૦ |
| સીંગતેલ (૫ લી) | ૮૭૦ | સનફ્લાવર | ૨૨૫૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૨૩૫૦ | તલતેલ | ૫૬૫૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૨૧૮૦ | દિવેલ | ૨૩૭૦ |
| કપાસીયા (૫ લિ.) | ૮૯૦ | મકાઇ તેલ | ૨૪૫૦ |
| સરસીયું તેલ | ૨૭૦૦ | | |


APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
ફર્સ્ટ માળ, એકઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. : 8238380822
Book Tickets Now from : bookmyshow.com paytm : @applecinemasurat
જબરજસ્ત ફુલ એકશન

પુષ્પા-2
* અલ્લુ અર્જુન * રશ્મિકા મંદાના * જગપતિબાબુ
૮.૩૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૨૫, ૧૧.૩૦, ૧૨.૧૦, ૧૨.૪૦, ૧.૪૦, ૨.૧૦, ૩.૧૦, ૩.૫૦, ૫.૨૦, ૫.૫૦, ૬.૫૦, ૭.૨૦, રાત્રે ૯.૦૦, ૯.૩૦, ૧૦.૧૦, ૧૦.૩૦, ૧૧.૦૦
જબરજસ્ત ફુલ એકશન

બેબી જોન
* વરૂણ ધવન * જૈકી શ્રોફ * ખ્યાતિ સુરેશ * વોમિકા ગૈલી
૯.૦૦, ૧૦.૦૦, ૧૨.૧૦, ૧.૦૦, ૩.૧૫, ૪.૦૫, ૬.૨૦, ૭.૧૦, રાત્રે ૮.૧૦, ૯.૩૦, ૧૦.૧૫, ૧૦.૩૦
મુફાસા ફેમિલી ચિત્ર (હિન્દી) ૧.૧૦, ૩.૩૦, ૫.૫૦ ધ લાયન કીંગ
વનવાસ ૧૦.૦૦, ૪.૨૦
માર્કો ૭.૩૦

જબરજસ્ત ફુલ એકશન થીલર તેમજ જોરદાર સંવાદોની રમઝટ

CINEZZA Multiplex — ડીમાર્ટની બાજુમાં, જહાંગીરપુરા, સુરત.
બેબી જોન ૯.૦૦, ૯.૪૫, ૧૨.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, રાત્રે ૯.૪૫, ૧૦.૩૦
પુષ્પા-2 ૯.૪૫, ૧૧.૧૫, ૧.૩૦, ૩.૦૦, ૫.૧૫, ૬.૪૫, રાત્રે ૯.૦૦, ૯.૪૫,
મુફાસા ધ લાયન કીંગ (2D હિન્દી) ૯.૦૦, ૪.૦૦, ૬.૪૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

RAJHANS MULTIPLEX — એ.આર.મોલ, મોટા વરાછા, સુરત.
સુપરડુપર હીટ એકશન થીલર

પુષ્પા-2 ૮.૪૫, ૯.૪૫, ૧૦.૪૫, ૧૨.૩૦, ૧.૩૦, ૩.૪૫, ૪.૧૫, ૫.૧૫, ૬.૧૫, ૭.૦૦, રાત્રે ૮.૦૦, ૯.૦૦, ૯.૪૫
માર્કો ૨.૩૦, ૪.૦૦, રાત્રે ૧૦.૦૦
હીટ ફિલ્મ, ફેમિલી સાથે જુઓ (હિન્દી)

મુફાસા ધ લાયન કીંગ ૯.૦૦, ૧૧.૧૫, ૧.૩૦, ૭.૩૦
એકશન થીલર
બેબી જોન ૧૦.૦૦, ૧.૦૦, રાત્રે ૧૦.૪૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

જબરજસ્ત ફુલ એકશન થીલર

CITY PLUS MULTIPLEX — ફ્રી પાર્કીંગ — ડુમસ રોડ, મગદલ્લા સર્કલ, સુરત.
પુષ્પા-2 * અલ્લુ અર્જુન * રશ્મિકા મંદાના ૮.૦૦, ૧૦.૦૦, ૧૧.૩૫, ૧૨.૪૫, ૩.૧૫, ૬.૦૦, ૭.૦૦, રાત્રે ૯.૩૫, ૧૦.૩૫
બેબી જોન ૯.૧૫, ૪.૨૫, ૭.૨૦, રાત્રે ૧૦.૧૫
મુફાસા (2D હિન્દી) ૧.૩૫, ૩.૪૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.
ફોન બુકીંગ માટે : 93288 81222, 93275 42854

જબરજસ્ત ફુલ એકશન થીલર

ROONGTA Multiplex CINEMAS — શ્યામ મંદિરની સામે, વીઆઈપી રોડ, વેસુ, સુરત.
પુષ્પા-2 * અલ્લુ અર્જુન * રશ્મિકા મંદાના ૮.૪૫, ૧૦.૩૦, ૧૨.૩૦, ૨.૨૦, ૪.૦૦, ૬.૧૦, ૭.૩૦, રાત્રે ૮.૪૦, ૧૦.૦૦, ૧૧.૨૦
બેબી જોન * વરૂણ ધવન * જૈકી શ્રોફ * ખ્યાતિ સુરેશ * વોમિકા ગૈલી ૯.૩૦, ૧૦.૩૦, ૧૨.૪૦, ૪.૫૦, રાત્રે ૮.૦૦
વનવાસ ૧.૪૦, ૪.૨૦, રાત્રે ૧૧.૧૦
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

CINEZZA Multiplex — મહારાજા ફાર્મ, ડી માર્ટ પાસે, મોટા વરાછા, સુરત.
જબરજસ્ત ફુલ એકશન થીલર

પુષ્પા-2 ૯.૦૦, ૧૦.૧૫, ૧૨.૦૦, ૧.૦૦, ૨.૦૦, ૩.૪૫, ૫.૦૦, ૫.૪૫, ૭.૩૦, રાત્રે ૮.૧૫, ૯.૦૦, ૯.૪૫
બેબી જોન ૯.૦૦, ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, રાત્રે ૧૦.૦૦
મુફાસા ધ લાયન કીંગ (હિન્દી) ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦

જબરજસ્ત ફુલ એકશન થીલર

Valentine Multiplex DOLBY ATMOS
પુષ્પા-2 * અલ્લુ અર્જુન * રશ્મિકા મંદાના ૯.૧૫, ૧૦.૦૦, ૧.૪૦, ૩.૨૦, ૭.૦૦, રાત્રે ૯.૨૦, ૧૦.૧૦
મુફાસા (2D હિન્દી) ૧૨.૫૫, ૩.૧૦, ૫.૨૫, ૭.૪૫
બેબી જોન ૯.૩૦, ૧૨.૨૫, રાત્રે ૧૦.૩૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

જબરજસ્ત ફુલ એકશન

બેબી જોન * વરૂણ ધવન * જૈકી શ્રોફ * ખ્યાતિ સુરેશ * વોમિકા ગૈલી ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, રાત્રે ૯.૩૦
જબરજસ્ત એકશન

પુષ્પા-2 * અલ્લુ અર્જુન * રશ્મિકા મંદાના ૧૨.૧૦, ૩.૪૫, રાત્રે ૯.૩૦
RUPAM CINEMA
એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS — ગોપીતળાવ નવસારી બજાર, સુરત

પુષ્પા-2 ૧૦.૦૦, ૧૧.૦૦, ૧.૪૦, ૨.૪૦, ૫.૨૦, ૬.૨૦, રાત્રે ૯.૦૦, ૧૦.૦૦

બેબી જોન ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, રાત્રે ૧૦.૧૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.


રૂપાલી — રાંદેર રોડ, અડાજણ, સુરત
જબરજસ્ત એકશન દ્રશ્યો, સંવાદોની રમઝટ જોરદાર સાઉન્ડ ઈફેક્ટ મ્યુઝીકલ સંગીત...
પુષ્પા-2 * અલ્લુ અર્જુન * રશ્મિકા મંદાના * જગપતિબાબુ ૧૦.૩૦, ૨.૩૦, ૬.૩૦, રાત્રે ૧૦.૧૫
થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

WORLD CLASS 6 SCREEN MULTIPLEX IN SURAT
RAJ IMPERIAL DOLBY ATMOS INOX
દીપકમલ મોલ, સરથાણા નેચર પાર્ક પાસે, વરાછા રોડ, સુરત.
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777
(હિન્દી) જબરજસ્ત એકશન થીલર માર્કો 9.00 am, 11.55 am, 3.00 pm, 6.05 pm, 9.40 pm

જબરજસ્ત એકશન, સંવાદોની રમઝટ પુષ્પા-2 * અલ્લુ અર્જુન * રશ્મિકા મંદાના * જગપતિબાબુ
ATMOS : 8.30 am, 9.25 am, 12.40 pm, 1.25 pm, 4.50 pm, 5.40 pm, 9.00 pm, 9.50 pm
રેગ્યુલર : 10.15 am, 2.15 pm, 3.55 pm, 6.15 pm, 8.05 pm, 10.20

જબરજસ્ત ફુલ એકશન થીલર તેમજ જોરદાર સંવાદોની રમઝટ બેબી જોન * વરૂણ ધવન * જૈકી શ્રોફ * ખ્યાતિ સુરેશ * વોમિકા ગૈલી * શામા મલ્હોત્રા * રાજપાલ યાદવ
ATMOS : 8.20 am
રેગ્યુલર : 9.00 am, 12.25 pm, 2.50 pm, 9.10 pm

ફેમિલી ચિત્ર (હિન્દી)

મુફાસા ધ લાયન કીંગ 12.05 pm, 6.25 pm